અમેરિકાએ ઈરાન સાથે શાંતિકરાર કરીને હકીકતમાં શરણાગતિ સ્વીકારી છે

ઈરાન સાથે યુદ્ધ શરૂ કર્યા પછી અમેરિકાએ એટલો બધો માર ખાધો છે કે આ યુદ્ધમાંથી બહાર નીકળવા તેણે શાંતિકરારના રૂપમાં હકીકતમાં શરણાગતિ સ્વીકારી છે. ઈરાન સાથે યુદ્ધ શરૂ કરવાનું ખરું કારણ તેનો અણુકાર્યક્રમ હતો. ૧૬ મુદ્દાના કરારના મુસદ્દામાં ઈરાને ક્યાંય પોતાનો અણુકાર્યક્રમ બંધ રાખવાનો કે તેમાં ફેરફાર કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો નથી; તેમ છતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તમાચો મારીને ગાલ લાલ રાખતા તેને પોતાની ઉપલબ્ધિ ગણાવે છે. જો યુદ્ધમાં કોઈ દેશ જીતતો હોય તો તે હારેલા દેશ સાથે કરાર નથી કરતો પણ પોતાની શરતો બળપૂર્વક તેના માથે ઠોકી બેસાડે છે. અહીં તો અમેરિકાએ નહીં પણ ઈરાને પોતાની બધી શરતો કબૂલ કરાવડાવી છે. તેમાંથી સૌથી નામોશીભરી કલમ ઈરાનને યુદ્ધમાં થયેલા નુકસાન બદલ ૩૦૦ અબજ ડોલરનું નુકસાન આપવાની છે. ક્યારેય સાંભળ્યું છે કે યુદ્ધમાં જીતેલો દેશ હારેલા દેશને વળતર ચૂકવતો હોય? કરારના મુસદ્દામાં આ ૩૦૦ અબજ ડોલરને ઈરાનના પુનર્નિર્માણ માટેનું ભંડોળ ગણાવવામાં આવ્યું છે. તમે તેને ગમે તે નામ આપો, આ રકમ અમેરિકા પર ઠોકી બેસાડવામાં આવેલો દંડ છે. આ દંડ કદાચ ગલ્ફના દેશોને ચૂકવવાની ફરજ પાડવામાં આવશે.આ કરાર પર હસ્તાક્ષર થાય તે પહેલાં તેનો મુસદ્દો અમેરિકા દ્વારા નહીં પણ ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી મેહરે ૧૪ મુદ્દાના સમજૂતી કરારનો ડ્રાફ્ટ પ્રકાશિત કર્યો છે, જેનાથી સાબિત થાય છે કે આ કરારમાં ઈરાનનો હાથ ઉપર રહ્યો છે. આ કરારને સુરક્ષિત કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉત્સુકતા ઈરાનને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજની ઓફર કરવાના સ્વીકારથી સ્પષ્ટ થાય છે. આ દસ્તાવેજ વોશિંગ્ટન કે તેહરાન દ્વારા સત્તાવાર રીતે બહાર પાડવામાં આવ્યો નથી, પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની અધિકારીઓ દ્વારા જાહેર કરાયેલા પ્રારંભિક કરાર પછી તે વ્યાપક શાંતિ પ્રક્રિયાનો પાયો બનવાની અપેક્ષા છે. આ કરારના મુસદ્દા પર ૧૯ જૂને જિનિવામાં હસ્તાક્ષર થવાની સંભાવના છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે પુષ્ટિ આપી છે કે મહિનાઓની વાટાઘાટો પછી એક સમજૂતી પત્રને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. પરિષદે તેને ઈસ્લામાબાદ સંવાદ નામ આપ્યું છે, જે મધ્યસ્થી પ્રયાસોમાં પાકિસ્તાનની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. આ કરારનો ઉદ્દેશ દુશ્મનાવટનો અંત લાવવા અને બીજા રાઉન્ડની વાટાઘાટો માટે વાતાવરણ બનાવવાનો છે, જે ઈરાનના પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધો અને આર્થિક સુધારા જેવા મુદ્દાઓને સંબોધશે. આના પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે અમેરિકા માટે જે સૌથી મહત્ત્વનો મુદ્દો હતો, તે ઈરાનના પરમાણુ કાર્યક્રમનો આ કરારમાં ઉલ્લેખ જ કરવામાં આવ્યો નથી. અર્થાત્ અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમમાં કોઈ પણ જાતના ફેરફાર વિના તેને ૩૦૦ અબજ ડોલર ચૂકવવા તૈયાર થઈ ગયું છે.

ઈરાનની સૌથી મોટી સિદ્ધિ એ છે કે ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજ ઉપરાંત અમેરિકા ઈરાનનું ૨૪ અબજ ડોલરનું સ્થગિત કરવામાં આવેલું ભંડોળ તાત્કાલિક મુક્ત કરવા તૈયાર થયું છે. વળી, આ ૨૪ અબજ ડોલર પૈકી ૧૨ અબજ ડોલર તો બીજા રાઉન્ડની વાટાઘાટો શરૂ થાય તે પહેલાં મુક્ત કરવા પડશે. આ ઈરાનની માગણી નથી પણ બીજા રાઉન્ડની વાટાઘાટો શરૂ કરવાની પૂર્વશરત છે. મેહર ન્યૂઝ એજન્સીએ જ અહેવાલ આપ્યો છે કે ત્રણ શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી અંતિમ વાટાઘાટો શરૂ થશે નહીં: પ્રથમ, ઈરાનના સ્થગિત ભંડોળનો અડધો ભાગ

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

મુક્ત કરવો, બીજું, ઈરાની તેલ નિકાસ પરના પ્રતિબંધો હટાવવા અને ત્રીજું, હોર્મુઝ સ્ટ્રેટ પરની અમેરિકન નૌકાદળની નાકાબંધી હટાવવી. આ કલમમાં ઈરાનની દાદાગીરી છતી થાય છે.

અહેવાલો અનુસાર આ દસ્તાવેજ પરમાણુ શસ્ત્રો ન વિકસાવવાના ઈરાનના વચનને પુનરાવર્તિત કરે છે, જે તેણે અગાઉના કરારમાં આપ્યું હોવાથી તેમાં કાંઈ નવું નથી; પરંતુ યુરેનિયમ સંવર્ધન, પરમાણુ સુવિધાઓને તોડી પાડવાની સમય મર્યાદાઓ અથવા હાલની જવાબદારીઓ ઉપરાંત વધારાની નિરીક્ષણ પદ્ધતિઓ વિશે કોઈ સ્પષ્ટ માહિતી પ્રદાન કરતું નથી. તેના બદલે મેમોરેન્ડમ અમલમાં આવ્યા પછી ૬૦ દિવસની અલગ પ્રક્રિયા દરમિયાન આ મુદ્દાઓ પર વાટાઘાટો થવાની અપેક્ષા છે. આ ડ્રાફ્ટ ભવિષ્યની વાટાઘાટોના અવકાશને પણ મર્યાદિત કરે છે. ઈરાનના મતે ભવિષ્યની ચર્ચાઓ સમૃદ્ધ પરમાણુ સામગ્રી, સંવર્ધન પ્રવૃત્તિઓ, પ્રતિબંધોમાં છૂટછાટ અને આર્થિક પુનર્નિર્માણ સુધી મર્યાદિત રહેશે. ઈરાનના મિસાઈલ કાર્યક્રમ અને પ્રાદેશિક સશસ્ત્ર જૂથો માટે તેના સમર્થનને એજન્ડામાંથી બાકાત રાખવામાં આવ્યા હોવાના અહેવાલ છે. મતલબ કે ઈરાનનો મિસાઈલ કાર્યક્રમ હાલમાં ચાલે છે, તેમ ચાલ્યા કરશે. વધુમાં ઈરાન દ્વારા હિઝબુલ્લા કે હુથી જેવાં આતંકવાદી જૂથોને સહાય આપવા પર પણ કોઈ પ્રતિબંધ નથી.

અમેરિકા દ્વારા ઈરાન પર આક્રમણ ચાલુ કરવામાં આવ્યું ત્યારે કહેવામાં આવ્યું હતું કે તેનો મૂળ ઉદ્દેશ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવાનો છે. સત્તાપરિવર્તનનો અર્થ અમેરિકાવિરોધી સરકારને ઉથલાવી પાડીને તેના સ્થાને અમેરિકાની કઠપૂતળી જેવી સત્તાની સ્થાપના કરવાનો થતો હતો. અમેરિકાના હુમલામાં યુદ્ધના પહેલા જ દિવસે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેની માર્યા ગયા હતા, પણ તેમના સ્થાને તેમના કરતાં પણ વધુ આક્રમક તેમના જ પુત્ર મોજતબા ખામેની સત્તામાં આવ્યા હતા. ટેકનિકલી તેને સત્તાપરિવર્તન કહી શકાય, પણ અમેરિકાની ઇચ્છા મુજબનું તે સત્તાપરિવર્તન નહોતું. હવે ડોનાલ્ડ ટ્રમ્પ મન મનાવવા ખાતર કહી શકે છે કે તેમણે ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવ્યું છે, પણ તે સત્તાપરિવર્તન અમેરિકાના લાભમાં નથી.

અમેરિકા દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેમાં હોર્મુઝ સ્ટ્રેટનો કોઈ મુદ્દો જ અસ્તિત્વ ધરાવતો નહોતો. હોર્મુઝની પીડા તો અમેરિકા દ્વારા પેટ ચોળીને ઊભી કરવામાં આવી હતી. ઈરાને તેનો ખૂબીપૂર્વકનો ઉપયોગ અમેરિકા જેવી મહાસત્તાને નમાવવાના હથિયાર તરીકે કર્યો. હોર્મુઝ સ્ટ્રેટ બ્લોક થવાથી ખનિજ તેલના ભાવો ભડકે બળ્યા હતા અને તેનો ભોગ બનેલા તમામ દેશો અમેરિકા પર ફિટકાર વરસાવતા થઈ ગયા હતા, જેને કારણે ડોનાલ્ડ ટ્રમ્પ પર હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવવાનું ભારે દબાણ આવી ગયું હતું. અમેરિકાએ નાકાબંધી કરીને ઈરાનનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ ઈરાને મચક આપી નહોતી. હવે કરારના મુસદ્દા મુજબ અમેરિકા ૩૦ દિવસમાં નાકાબંધી હટાવી લેવા તૈયાર થયું છે, જ્યારે ઈરાન પોતાની શરતો કે વ્યવસ્થા મુજબ હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવા તૈયાર થયું છે. આ વ્યવસ્થા મુજબ ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પર ટોલ ટેક્સ ઉઘરાવે તેવી સંભાવના પણ રહેલી છે.

ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબબાદીએ અગાઉ કહ્યું હતું કે અંતિમ કરાર પર વાટાઘાટો ત્યારે જ શરૂ થશે જ્યારે તેહરાન પુષ્ટિ કરશે કે વોશિંગ્ટને મેમોરેન્ડમ હેઠળની તેની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી છે. આ જવાબદારી પણ અમેરિકાના માથે નાખવામાં આવી છે. ઈરાનના રાજ્ય મીડિયાએ પણ અહેવાલ આપ્યો હતો કે કોઈ પણ વિગતવાર વાટાઘાટો માટે સ્થિર સંપત્તિઓ મુક્ત કરવી અને દરિયાઈ પ્રતિબંધો હટાવવા એ આવશ્યક શરતો હતી. ઈરાન કરારમાં લેબેનોનને સામેલ કરવા માગતું હતું, જેના માટે ઈઝરાયેલ તૈયાર નહોતું. છેવટે ઈરાને પોતાનું ધાર્યું કરાવ્યું છે અને ઈઝરાયેલ લેબેનોન પર હુમલા નહીં કરે તે કબૂલ કરાવી લીધું છે. અગાઉ વિયેટનામ, ઈરાક અને અફઘાન યુદ્ધમાં અમેરિકા પોતાની આબરૂ બચાવીને બહાર નીકળી શક્યું હતું, પણ ઈરાન યુદ્ધમાં તે બહુ બદનામ થઈને તહેરાનની પકડમાંથી બહાર આવી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ કરારને સુરક્ષિત કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉત્સુકતા ઈરાનને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજની ઓફર કરવાના સ્વીકારથી સ્પષ્ટ થાય છે

અનુસંધાન... પાના પહેલાનું

ઇરાન-અમેરિકા વચ્ચે...

જાહેરાતથી વૈશ્વિક ઊર્જા બજારો પરનું દબાણ હળવું થયું છે. તેમણે કહ્યું કે આ કરારથી હોર્મુઝની સામુદ્રધુની ફરી ખુલી જશે અને ઈરાનના બંદરો પર અમેરિકાના નૌકાદળની નાકાબંધીનો અંત આવશે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, હું આથી હોર્મુઝની સામુદ્રધુનીને સંપૂર્ણપણે કર-મુક્ત ખોલવાની મંજૂરી આપું છું અને તેની સાથે જ યુનાઈટેડ સ્ટેટ્સ નેવીની નાકાબંધીને તાત્કાલિક હટાવવાની પણ મંજૂરી આપું છું.

દુનિયાના જહાજો, તમારા એન્જિન શરૂ કરો. તેલ વહેવા દો! જો કે, ત્યારબાદની એક પોસ્ટમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે કરાર પર સત્તાવાર હસ્તાક્ષર થયા બાદ શુક્રવારે હોર્મુઝની સામુદ્રધુની ખોલવામાં આવશે.

આ કરારને એવા દિવસે અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો જ્યારે ટ્રમ્પ ૮૦ વર્ષના થયા હતા. આ કરાર યુદ્ધ અને મુત્સદ્દીગીરીના એક ઉથલપાથલ ભરેલા સપ્તાહ બાદ થયો છે, જે દરમિયાન અમેરિકાએ ઈરાન પર હમલા કર્યા હતા અને અમેરિકી પ્રમુખે છેલ્લી ઘડીએ ઈસ્લામિક રિપબ્લિકના ઓઈલ નિકાસ હબ ગણાતા ખાર્ગ ટાપુ પર કબજો મેળવવાની ધમકી પાછી ખેંચી લીધી હતી.

ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ સરકારી ટેલિવિઝન પર આ કરારની પુષ્ટિ કરી હતી, પરંતુ જણાવ્યું હતું કે શુક્રવારે હસ્તાક્ષર ન થાય ત્યાં સુધી ઈરાન તેનો અમલ શરૂ કરશે નહીં.

પાકિસ્તાન, જે યુએસ-ઈરાન વાટાઘાટોમાં એક મુખ્ય મધ્યસ્થ તરીકે ઉભરી આવ્યું છે અને જેણે વોશિંગ્ટન તથા તેહરાન વચ્ચે સંપર્ક સરળ બનાવવામાં તેમજ સંઘર્ષને સમાપ્ત કરવાના રાજદ્વારી પ્રયાસોની યજમાની કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, તેણે આ ડીલની પુષ્ટિ કરી છે. વડાપ્રધાન શહબાઝ શરીફે એક્સ (X) પર એક પોસ્ટમાં જણાવ્યું કે, સઘન વાટાઘાટો બાદ, અમને એ જણાવતા આનંદ થાય છે કે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ઈસ્લામિક રિપબ્લિક ઑફ ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ ગયો છે.

તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષોએ લેબનોન સહિત તમામ મોરચે લશ્કરી કામગીરી તાત્કાલિક અને કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી છે. શરીફે સંઘર્ષનો રાજદ્વારી ઉકેલ શોધવા માટેની પ્રતિબદ્ધતા બદલ અમેરિકા અને ઈરાનનો આભાર માન્યો હતો.

CJPના સ્થાપક...

રાષ્ટ્રીય ધ્વજ સાથે દેખાયા હતા. કેટલીક મહિલાઓ પણ તેમના નાના બાળકો સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ, અટકાયત કરાયેલા આરોપીઓમાંના એક રાકેશ ગુર્જરે દીપકે પર લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો. બીજી તરફ CJPના પ્રવક્તા આશુતોષ રાંકાએ દાવો કર્યો કે રાજસ્થાનમાં છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નપત્ર લીકની ઘટનાઓ વધી રહી છે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટે વ્યાપક પ્રયાસોની જરૂર છે. દીપકેએ જાહેરાત કરી હતી કે 20 જૂને પ્રદર્શનકારીઓ દિલ્હી તરફ કૂચ કરશે અને રાજીનામું મળ્યા વિના પાછા ફરશે નહીં. રાષ્ટ્રીય ગાન સાથે પ્રદર્શન પૂર્ણ થયા બાદ સમર્થકોએ 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારા વચ્ચે તેમને વાહન સુધી પહોંચાડ્યા હતા.

ઇરાન હોર્મુઝની...

માત્ર ૬૦ દિવસની કામચલાઉ અવધિ માટે જ છે. તેહરાન આ સમયગાળાને અમેરિકાને આપેલી એક ટૂંકી રાહત તરીકે જુએ છે, જે પૂરી થયા પછી ફી વસૂલાત શરૂ કરવામાં આવશે. મેરીટાઈમ સર્વિસીસનો છટકબારી માર્ગ: આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્ર "મેરીટાઈમ સર્વિસીસ" શબ્દ છે. શાંતિ કરારના અંતિમ સંસ્કરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભવિષ્યમાં આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં દરિયાઈ સેવાઓનું સંચાલન ઈરાન અને ઓમાન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. ઈરાન આ કલમનો ઉપયોગ કરીને કોમર્શિયલ જહાજોને નેવિગેશન, સુરક્ષા, પર્યાવરણ અને વીમા જેવી સેવાઓ પૂરી પાડવાના નામે ચાર્જ વસૂલવાની યોજના બનાવી રહ્યું છે.

સંયુક્ત સાર્વભૌમત્વનો દાવો: ઈરાની સત્તાવાળાઓનું કહેવું છે કે વાટાઘાટોના અંતિમ કલાકોમાં કરવામાં આવેલા ફેરફારો આ વ્યૂહાત્મક જળમાર્ગ પર ઈરાન અને ઓમાનની સાર્વભૌમત્વને સ્પષ્ટપણે રેખાંકિત કરે છે. આ ફી માળખાને લાગુ કરવા માટે ઓમાનનો સહકાર મેળવવા ઈરાન હાલમાં વાટાઘાટો કરી રહ્યું હોવાના પણ અહેવાલ છે. હજુ સુધી આ શાંતિ કરારનો સંપૂર્ણ સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી, અને ૬૦ દિવસ પછી ટ્રાન્ઝિટ ફી વસૂલવાના ઈરાનના દાવાઓ પર અમેરિકાએ હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. આ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવાનો સત્તાવાર સમારોહ શુક્રવારે યોજાનાર છે, જે દિવસથી યુદ્ધવિરામ અને આ જળમાર્ગને સત્તાવાર રીતે ખોલવાનો નિર્ણય અમલમાં આવશે.

ભારતીય જહાજ 'દિશા'...

તરફની સફર ફરી શરૂ કરી છે. અત્યાર સુધીમાં ભારત આવતા કુલ 15 જહાજો, જેમાં 10 ભારતીય ધ્વજ ધરાવતા અને 5 વિદેશી ધ્વજ ધરાવતા જહાજોનો સમાવેશ થાય છે, સુરક્ષિત રીતે હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ચૂક્યાં છે. સરકારી વિગતો અનુસાર, છેલ્લા 96 કલાકો દરમિયાન કંટ્રોલ રૂમ દ્વારા 12,737 ફોન કોલ્સ અને 28,299થી વધુ ઈમેઈલ્સ હેન્ડલ કરવામાં આવ્યા છે. આ સમયગાળામાં નાવિકો અને તેમના પરિવારો તરફથી 406 ફોન કોલ્સ અને 784 ઈમેઈલ્સ પ્રાપ્ત થયા હતા. અત્યાર સુધીમાં 3,587થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે, જેમાં છેલ્લા 96 કલાકમાં પરત ફરેલા 50 નાવિકોનો પણ સમાવેશ થાય છે. અધિકારીએ ઉમેર્યું હતું કે ભારતના તમામ બંદરો પર કામગીરી સામાન્ય છે અને ક્યાંય પણ ટ્રાફિક કે ભીડની સમસ્યા નોંધાઈ નથી.

સુડોકુ ૬૫૫૦ - 'કષ્ટ'

		૪		૬	૫		૮	
૩		૮	૧				૭	
	૨				૭	૫		
	૪	૨					૫	૩
૧	૯	૫		૩			૨	
		૩		૨		૧	૯	૭
	૧	૬	૮			૭	૩	૫
		૭	૪	૫	૧	૯	૬	
		૯	૬			૪	૧	

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૫૫૦

૯	૭	૪	૨	૬	૫	૩	૮	૧
૩	૫	૮	૧	૪	૯	૨	૭	૬
૬	૨	૧	૩	૮	૭	૫	૪	૯
૭	૪	૨	૯	૧	૬	૮	૫	૩
૧	૯	૫	૭	૩	૮	૬	૨	૪
૮	૬	૩	૫	૨	૪	૧	૯	૭
૪	૧	૬	૮	૯	૨	૭	૩	૫
૨	૩	૭	૪	૫	૧	૯	૬	૮
૫	૮	૯	૬	૭	૩	૪	૧	૨

આજનું પંચાંગ

તા. 16/06/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ : બીજ : 24:54,
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 26
યોગ : વૃદ્ધિ **કરણ:** બાવલ
નક્ષત્ર : આદ્રા: 16:14
રાશિ: મિથુન (ક.છ.ઘ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 05:58
સુરતમાં સૂર્યાસ્ત : 19:20
નવકારસી : 06:46
પારસી વર્ષ : 1395 બહમન માસનો 06 ઠ્ઠો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 29મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:30

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): સાહસમાં સફળતા મળે. નવા સંપર્કો વધશે. આર્થિક લાભ થાય. હરીફોથી બચવું. નવી તક મળે.

વૃષભ (બ,વ,ઉ,): કામનું ભારણું રહે. ઘરમાં અવરજવર વધશે. ખર્ચા વધે. મોજ શોખના ધંધામાં આવક વધશે.

મિથુન (ક,છ,ઘ,): અંગત જીવનમાં રસિક અને રોમેન્ટીક ઘટના મુલાકાત થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય પ્રેમમાં સાથ મળે.

કર્ક (ડ,હ,): વડીલોના આરોગ્યની ચિંતા રહે. પ્રવાસમાં વિઘ્નો આવે. નવા કામ ટાળવાં- ઉધાર લેવા-દેવાનું ટાળવું.

સિંહ (મ,ટ,): નવા પ્રોજેક્ટનો લાભ મળે. નવુ શિખવા મળે. મિત્રો-પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય.

કન્યા (પ,ઠ,ણ,): કામની પદ્ધતિમાં ફેરફારથી કાર્યશૈલીમાં બદલાવ આવે. અચાનક સફળતા અને મદદ મળે.

તુલા (ર,ત,): પિતાનો સાથ મળે. પિતાના આરોગ્યની ચિંતા સતાવે. ધાર્મિક સત્સંગ થાય. વિવાદથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન,ય,): ઘરમાં તાલમેળ ઓછો રહે. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. કામમાં વિલંબ થાય. મન અશાંત.

ધન (ભ,ધ,ફ,ઢ,): દાંપત્યજીવનમાં તાલમેળ રહેવાથી ઘરનાં કામ પાર પડશે. અટકેલા કામ થાય. સમસ્યાનું સમાધાન થાય.

મકર (ખ,જ,): આરોગ્ય નરમ રહે. ખાવા-પીવામાં સાવધાની રાખવી ભૂલના કારણે નોકરીમાં સહન કરવાનું બનશે.

કુંભ (ગ,સ,શ,ષ,): હરીફાઈ કે પરીક્ષામાં સફળતા મળે. બાળકોનાં કામ થાય. અંગત જીવનમાં રસિક ઘટના બને.

મીન (દ,ચ,ઝ,થ,): માતાની સલાહ ઉપયોગી રહે. તમારા નવા વિચારોથી નોકરીમાં અનુકૂળતા વધે. બહારનાં કામ સરળ બને.

કોઈ પણ સાલમાં 16 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. નોકરી-ધંધામાં અનુકૂળતાની સાથે હરીફોની હેરાનગતિ, નવી જવાબદારી વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતીનો અનુભવ વધશે. સમાજમાં સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી અટકશે. આરોગ્ય સતાવે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મલે પ્રેમ વિવાહમાં ગેરસમજતી વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત ફળે મન પર ભાર રહે. વાંચવામાં મન ઓછું લાગશે. વિદેશનાં કામ ધીમાં પડે. સંતાનોના કામ, અભ્યાસમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. મદદ મળે. પણ અવરોધ આવે. નવા ઘર વાહન, મકાનની યોજના મદદ મળે. પણ અવરોધ આવે. નવા ઘર, વાહન, મકાનની યોનજામાં મધ્ય વર્ષમાં પાર પડશે. વારસા, જાયદાદ, જમીન, નવા કામ ધીમા પડે. મિત્રો વડીલોની મદદ સંતાન સમાજમાં કામમાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 7, 16, 25 તારીખે નવા કામ કરવાં ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરવો, ઓગસ્ટ સપ્ટેમ્બર બુધ શુક્રવાર 5,14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ, લીલા રંગનો ઉપયોગ ટાળવો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પગમાં કાંટો

ખેત કામ કરતાં પગમાં કાંટો વાગ્યો હોય તો કાઢવો જોઈએ. કુમારપાઠુ ઊભું કાપી તેમાં હળદર મીઠું ભરી કાંટા પર મૂકી પાટો બાંધી દેવો. ચામડી નરમ થઈ કાંટો નીકળી જશે. થોડા મેથી દાણા વાટી પાણીમાં ભીંજવી તેની લેપડી બાંધવાથી પણ કાંટો નીકળી આવશે.

વેસ્ટર્ન રેલવે દ્વારા ટ્રેન નંબર 09055/09056 બાંદ્રા ટર્મિનસ - ઉધના સ્પેશિયલ નિયમિત કરવામાં આવશે

નિયમિત ટ્રેન નંબર	શરૂઆત અને ગંતવ્ય સ્ટેશનો	મુસાફરી શરૂ થવાની તારીખ (W.E.F.)	પ્રસ્થાન	આગમન
19055	બાંદ્રા ટર્મિનસ - ઉધના	01.08.2026	09:00 કલાકે (દૈનિક)	09:00 કલાકે (દૈનિક)
19056	ઉધના - બાંદ્રા ટર્મિનસ	01.08.2026	15:45 કલાકે (દૈનિક)	21:35 કલાકે (તે જ દિવસે)

સ્ટોપેજ: બંને દિશામાં અંધેરી, બોરીવલી, વસઈ રોડ, વિરાર, વૈતરણા, સફાળે, કેળવે રોડ, પાલઘર, બોઈસર, વાણગાંવ, દહાણુ રોડ, ઘોલવડ, બોર્ડી રોડ, ઉમરગામ રોડ, સંજાન, ભીલાડ, કરંબેલી, વાપી, વલસાડ, બિલીમોરા, વેડછા અને નવસારી સ્ટેશનો. ટ્રેન નંબર 19055નું ભાયંદર સ્ટેશને વધારાનું સ્ટોપેજ રહેશે અને ટ્રેન નંબર 19056નું અતુલ, પારડી અને ઉદવાડા સ્ટેશનો પર વધારાનું સ્ટોપેજ રહેશે.

કોચ સંયોજન: એસી ચેર કાર, સેકન્ડ સીટિંગ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

માર્ગના સ્ટેશનો પરના સમય, સ્ટોપેજ અને કોચ સંયોજન અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અમને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ આઈડી પ્રૂફ સાથે રાખો

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.

સુધારો

કૃપા કરીને આ દૈનિક સમાચાર ગુજરાત મિત્ર (સુરત એડીશન) માં છપાયેલ તા. ૧૪.૦૬.૨૦૨૬ ના રોજ જંગમ મિલકતો (મશીનરી)ની વેચાણ માટેની ઈ-હરાજી કમ વેચાણ નોટીસ ના અનુસંધાને જણાવવાનું કે કૃપા કરીને ઈ-હરાજી નોટીસમાં ક્રમાંક નં. ૧ (એકાઉન્ટ નામ : મે. ભાવેશ ટેક્ષટાઇલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૩૫,૭૦,૦૦૦/– ને બદલે રૂા. ૨૯,૪૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૩,૫૭,૦૦૦/– ને બદલે રૂા. ૨,૯૪,૦૦૦/- એમ સુધારીને વાંચવી., ક્રમાંક નં. ૨ (એકાઉન્ટ નામ : મે. ઝાખી ટેક્ષટાઇલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૩૫,૭૦,૦૦૦/– ને બદલે રૂા. ૨૯,૪૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૩,૫૭,૦૦૦/– ને બદલે રૂા. ૨,૯૪,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ક્રમાંક નં. ૩ (એકાઉન્ટ નામ : મે. પુરી ટેક્ષટાઇલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૩૫,૭૦,૦૦૦/– ને બદલે રૂા. ૨૯,૪૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૩,૫૭,૦૦૦/– ને બદલે રૂા. ૨,૯૪,૦૦૦/- એમ સુધારીને વાંચવી.
અન્ય બધી વિગતો યથાવત છે.
તા. ૧૫.૦૬.૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ. Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૧૯-NE, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

માંગણી નોટિસ

સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ.
અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉક્ત કાયદો) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) સાથે વંચાતા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ હેઠળ મળેલ સત્તાની રૂએ, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ માંગણી નોટિસ જારી કરીને નીચે દર્શાવેલ લેણદાર/દારો ("ઉક્ત લેણદાર")ને તેમની સામે જારી કરાયેલ સંબંધિત માંગણી નોટિસ/ઓમાં ઉલ્લેખિત રકમ, જે નીચે પણ આપવામાં આવી છે, તે ચૂકવવા માટે જણાવ્યું છે.
ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લેણદારને આ નોટિસના પ્રકાશનથી ૬૦ દિવસની અંદર, અહીં નીચે દર્શાવેલી રકમ, ઉક્ત લેણદારો દ્વારા કરાયેલ લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઈ હોય તો, તે હેઠળ ચૂકવવાપાત્ર, નીચે દર્શાવેલ તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, ઉક્ત માંગણી નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ માસિક ૨%ના વધારાના વ્યાજ સાથે MHILને ચૂકવવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લેણદારો દ્વારા અનુક્રમે નીચેની મિલકતો MHIL પાસે ગીરો મૂકવામાં આવી છે.

અ. નં.	લેણદાર(ઓ)/સહ-લેણદાર(ઓ)/ જામીનદારનું નામ/ લોન ખાતા નં./શાખા	કુલ બાકી લેણી રકમ (રૂ.)	માંગણી નોટિસની તારીખ	સુરક્ષિત મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)
1.	શિવનાથ રામબલી ગીરી/ સુમનદેવી શિવનાથ ગીરી/004-00402003 અને 004-00406986/સુરત	રૂ. ૩,૮૦,૯૮૮/- (અંકે રૂપિયા ત્રણ લાખ એંસી હજાર નવસો અઠ્યાસી પૂરા) અને ૪૦,૯૫૫/- (અંકે રૂપિયા ચાલીસ હજાર નવસો પંચાવન પૂરા)	04-Apr-2026	વેચાણ દસ્તાવેજ મુજબ જમીનનો તમામ ભાગ અને હિસ્સો આર.એસ. નં. ૫૧ અને બ્લોક નં. ૪૮માં ફ્લેટ નં-૪૦૩, ૪થો માળ, ગોકુલ એપાર્ટમેન્ટ, સુરત-મુંબઈ હાઈવેની બાજુમાં, એસ.ડી. જૈન સ્કૂલની પાછળ, પલસાણા, સુરત, ગુજરાત જે નીચે મુજબ છે: પૂર્વ: અડીને પ્લોટ ૧૨૦ થી ૧૨૩, પશ્ચિમ: રોડ; ઉત્તર: અડીને પ્લોટ ૧૨૮, દક્ષિણ: અડીને રોડ.

જો ઉક્ત લેણદારો ઉપરોક્ત મુજબ MHILને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે આગળની કાર્યવાહી કરશે, જેનો તમામ ખર્ચ અને પરિણામોનું જોખમ સંપૂર્ણપણે ઉક્ત લેણદારોનું રહેશે. ઉક્ત લેણદારોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત મિલકતો ટ્રાન્સફર કરવા, પછી ભલે તે વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ રીતે હોય, કાયદા હેઠળ પ્રતિબંધિત છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવા માટે ઉશ્કેરે છે, તે કાયદા હેઠળ પ્રાવધાનિક જેલની સજા અને/અથવા દંડ માટે પાત્ર રહેશે.
તારીખ: ૧૬ જૂન, ૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ: સુરત મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin (India) Ltd.
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]
ખાનગી કરાર સહ વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા દેવાદાર/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્કયામતનો કબજો લીધા પછી નીચે સહી કરનાર દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરોમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ પણ છે તે' ધોરણે કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છે:-

ક્રમ નં.	દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ) / લોન ખાતા નં. / શાખા	માંગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	બાનાની રકમ (EMD) (અનામત કિંમતના 10%)
1.	જનકરાજ હરિરામ શર્મા/ ગમલા જનકરાજ શર્મા/ 004-00405143 / સુરત	03-ઓક્ટોબર-2019 રૂ. 8,47,314/-(રૂપિયા આઠ લાખ સુડતાલીસ હજાર ત્રણસો ચૌદ પૂરા)	ફ્લેટ નં. 203, બીજો માળ માધવ વિલા, ગોવિંદજી પાર્ક સોસાયટી, બ્લોક નં. 123, સાઈ દર્શન રેસિડેન્સી પાસે, સુરત, ગુજરાત - 394327	રૂ. 2,00,000/- રૂપિયા બે લાખ પુરા	રૂ. 20,000/- રૂપિયા વીસ હજાર પુરા

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપરોક્ત ઉલ્લેખિત પ્રાદેશિક ઓફિસ પર ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ KYC અને 'Muthoot Homefin (India) Ltd'ના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે 03-જુલાઈ-2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી, ઉપર જણાવેલ પ્રાદેશિક ઓફિસના સરનામે છે. જે ટેન્ડરો સંપૂર્ણપણે ભરેલા ન હોય અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ અસ્વીકાર કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 02-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યા સુધીની છે.
5. મિલકત માટેની બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 04-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર દર્શાવેલ શાખા ઓફિસના સરનામે છે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો / ટેક્સ બાકી વગેરે, જો કોઈ હોય તો, તેની ચૂકવણી માટે જવાબદાર રહેશે નહીં અને આ રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બિડરે મિલકતના બોજા અને ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ પોતાની જાતે નિરીક્ષણ કરીને સંતોષ મેળવી લેવો જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ હરાજીની તારીખ પહેલાં ઉપર દર્શાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, તેમ કરવામાં નિષ્ફળ જતાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો દેવાદાર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી નીકળતી રકમ પૂરેપૂરી ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર રહેશે.
વધુ વિગતો માટે, ઉપર દર્શાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ - અમર પાટીલ - 9737057744
તારીખ: જૂન 16, 2026, સ્થળ: સુરત સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ હિન્દી થ્રીલર
હોન્ટેડ

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત એક્શન થ્રીલર
પેડ્ડી

રામચરણ જાન્હવી કપુર કૃતિ સેનન
૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૨૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS **ગોપીતળાવ** નવસારી બજાર, સુરત
(હિન્દી) વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ

હોન્ટેડ ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૨૦, રાત્રે: ૧૦.૦૦
ડેવીડ ધવનનું કોમેડી રોમાન્સ
હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, રાત્રે : ૧૦.૧૫
પેડ્ડી ૨.૪૫, ૬.૧૫, રાત્રે: ૯.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
કંગના રાણોતનો શ્રેષ્ઠ અભિનય **ભારત ભાગ્ય વિધાતા** ૯.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૪.૧૫, રાત્રે: ૮.૩૦, ૧૦.૦૦
ગુજરાતી, સંપૂર્ણ મસાલા ફિલ્મ **બધુ ઓલરાઈટ છે** ૯.૦૦, ૧૨.૨૦, ૨.૨૦, ૩.૩૦, ૬.૪૦, રાત્રે: ૯.૩૫, ૧૦.૦૦
હિન્દી પારિવારીક ફિલ્મ **મૈં વાપસ આઉંગા** ૯.૦૦, ૧૦.૧૫, ૩.૨૦, ૬.૩૦
મનોજ બાજપાઈનો શ્રેષ્ઠ અભિનય **ગવર્નર** ૯.૧૦, ૨.૦૦, ૫.૧૫, રાત્રે: ૯.૩૦, ૧૦.૨૫
પેડ્ડી ૯.૦૦, ૧.૨૦, ૨.૩૦, ૬.૨૫, રાત્રે: ૧૦.૦૦
બંદર ૭.૨૫
હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ૯.૦૦,૧૦.૨૦, ૧.૦૦, ૨.૪૦, ૪.૪૫, ૬.૦૦, રાત્રે: ૯.૪૫
શુભ મંગલ ધમાલ ગુજરાતી : ૭.૧૫
હિન્દી હોરર થ્રીલર **હોન્ટેડ** ૯.૪૫, ૧૧.૩૦, ૪.૫૦, ૭.૩૦
ધરપકડ ગુજરાતી ૧૨.૨૫, રાત્રે: ૮.૦૦
કૃષ્ણાવતારમ-1 (હિન્દી) સવારે:૧૧.૨૫
જીંદગી તો હજી બાકી છે દોસ્ત ગુજરાતી ૫.૧૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના હેઠળ સ્પર્ધાત્મક, અભ્યાસલક્ષી તથા વ્યવસાયલક્ષી પુસ્તકોની ખરીદીની જાહેર ખબર (વર્ષ: ૨૦૨૬-૨૭)

રાજ્યના અનુસૂચિત જાતિની વસતી ધરાવતા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના જાહેર ગ્રંથાલયો તથા અન્ય સંસ્થાઓ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના હેઠળ કારકિર્દી ઘડતર માટે ઉપયોગી પુસ્તકો જેમ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી), ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી), સ્ટાફ સિલેક્શન કમિશન (એસ.એસ.સી.), રાજ્ય તથા કેન્દ્ર સરકારના જાહેર સાહસો, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત પસંદગી મંડળ, રેલ્વે ભરતી બોર્ડ, IBPS બેન્કીંગ સર્વીસ રીક્રુટમેન્ટ બોર્ડ, એલ.આઇ.સી., જનરલ ઇન્સ્યોરન્સ કંપની, આર્મી, નેવી અને પ્રવેશ પરીક્ષાઓ GRE, GMAT, GATE, IELTS, TOFEL વગેરે સબંધી પુસ્તકો સ્વરૂપે સહાય કરવા સારૂ ચાલુ વર્ષે પુસ્તકોની ખરીદી કરવાની થાય છે. આથી આવા પુસ્તક પ્રકાશકો /વ્યક્તિગત લેખકો / વિક્રેતાઓ પાસેથી ૦૧-૦૧-૨૦૨૫ કે તે પછી પ્રસિધ્ધ થયેલા ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાના નમુનાના પુસ્તકોની ખરીદીની પસંદગી માટે એક નકલ વિના મૂલ્યે ભવિષ્યમાં પરત નહિ કરવાની શરતે તા. ૧૮/૦૭/૨૦૨૬ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન બીજા માળે, નિયામક, ગ્રંથાલય કચેરી, ગુજરાત રાજ્ય, ટાઉન હોલ પાસે, રાજ્ય ગ્રંથાલય ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે શરતોના પાલનની સંમતિ સાથેની દરખાસ્ત સ્વીકારવામાં આવશે.

પુસ્તક ખરીદી માટે નવું વેબપોર્ટલ હોઇ દરેક પ્રકાશકો / વ્યક્તિગત લેખકો / વિક્રેતાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જે પ્રકાશકો / વ્યક્તિગત લેખકો / વિક્રેતાઓએ વર્ષ ૨૦૨૪-૨૫થી આ વેબપોર્ટલમાં રજિસ્ટ્રેશન કરાવેલ છે તેઓને ફરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેતું નથી. આ યોજના અન્વયે પુસ્તકો રજુ કરવા માટે રજિસ્ટ્રેશન, પુસ્તકોની ડેટાએન્ટ્રી, વળતરના દર, પુસ્તકો રજુ કરવાની કાર્યપધ્ધતિ, યોજનાની શરતો અને બોલીઓ તથા અન્ય વિગતવાર માહિતી આ કચેરીની વેબસાઇટ www.dolib.gujarat.gov.in પર ઉપલબ્ધ છે જે જોઇ-જાણી શકાશે.

રજિસ્ટ્રેશન માટેની વેબસાઈટ: https://dolgbp.gujarat.gov.in/
ફોન નં. ૦૭૯-૨૩૨૫૮૩૩૫/૩૬
Website: www.dolib.gujarat.gov.in
E-Mail: dolgbp@gujarat.gov.in માહિતી/૫૮૮/૨૦૨૬-૨૭
નિયામક, ગ્રંથાલય ગુજરાત રાજ્ય, ગાંધીનગર